# 15 મારા ફળીનાં ઝાડવાં બે...

**દેવજી રા. મોઢા**
**(જન્મ : 8-5-1913; અવસાન : 21 -11-1987)**

કવિ દેવજી રામજી મોઢા 'શિરીષ'નો જન્મ પોરબંદરમાં થયો હતો. ઈ. સ. 1930માં મેટ્રિક થયા, ઈ. સ. 1944માં મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન ડી. જે. સિંધ કૉલેજમાંથી એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. ઈ. સ. 1948માં વતન પોરબંદર આવ્યા અને નવી શાળા નવયુગ વિદ્યાલયમાં આચાર્ય થયા. ઈ. સ. 1963માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત કર્યો ઈ. સ. 1977 સુધીમાં શિક્ષણક્ષેત્રે લાંબો સમય સેવા આપી, એ સંસ્થામાંથી જ નિવૃત્ત થયા.

'પ્રયાણ', શ્રદ્ધા', 'આરત', 'અનિદ્રા', 'વનશ્રી', 'રાધિકા', 'શિલ્પા', 'અમૃતા', વગેરે એમના કાવ્યસંગ્રહો છે. પ્રકૃતિપ્રેમ, સામાજિક અસમાનતા અંગેની વ્યથા, દેશપ્રેમ જેવા ભાવો એમનાં કાવ્યોમાં નિરૂપણ પામ્યા છે. તળપદી સરળ-સહજ ભાષામાં એમનાં કાવ્યોની ભાવાભિવ્યક્તિ નોંધપાત્ર છે.

આ ગીતમાં કવિ બે વૃક્ષો વચ્ચેનો વાર્તાલાપ કલ્પે છે. કાવ્ય-નાયકના ફળિયામાં ઊગેલાં બે ઝાડવાંમાંનું એક દૂરના જંગલમાં જવા ઇચ્છે છે. જંગલમાં રહેલાં પોતાનાં ભાઈ-ભાંડુ સાથે બાકીનું જીવન જીવવા ઝંખે છે. અહીં હવે એને એકલું લાગે છે. બીજા વૃક્ષનો જવાબ સરસ છે : જંગલમાં જીવનું જોખમ છે. કઠિયારો ક્યારે કુહાડીથી કાપી નાખે, નક્કી નહીં ! અહીં સુરક્ષિત છીએ. વળી, જે વ્યક્તિએ પોતાને ઉછેર્યાં, મોટા કર્યાં; હવે ફળ અને છાંયો આપવાનો સમય થયો ત્યારે એને છોડીને જતું રહેવું યોગ્ય નથી! બીજું વૃક્ષ તો અહીં જ રોકાઈને, પોતાને ઉછેરનારને અંત સુધી ઉપયોગી થવાની ભાવના સેવતું તેના ચૂલાનું બળતણ થવા પણ તૈયાર છે! ઉપકારનો બદલો ઉપકારથી આપવાની ભાવનાનો સંકેત કરતું આ ગીત વૃક્ષની ઉદારતાનો તો પરિચય કરાવે જ છે, જીવનપર્યંત અને મૃત્યુ પછી પણ બીજાને ઉપયોગી થવાનો માનવીને બોધ પણ આપે છે. માનવજીવનની સાર્થકતા અન્યને ઉપયોગી થવામાં છે એ વાત કવિએ બે વૃક્ષોના રૂપક દ્વારા સમજાવી છે.

---

મારા ફળીનાં ઝાડવાં બે હતાં કરતાં એક દિ' વાતો!
એક કહે : હદ થાય હવે, નહીં ભાંડુ-વિજોગ ખમાતો!
        ચાલને, આંહીંથી ચાલતાં થાયેં,
        આઘાં આઘાં વનમાં જાયેં!
બીજું કહે : એમાં જીવનું જોખમ, નિત આવે કઠિયારા,
આવી ઓચિંતાના ચલવે આપણા પર કુઠારના મારા;
        જોકે મરવું કોઈ ન ટાળે,
        તો યે મરવું શીદ અકાળે ?
પે'લું કહે : અહીં દન ખૂટે તો પાછી ન ખૂટે રાત;
અહીં અટૂલું એકલું લાગે, તહીં તો આપણી નાત !
        ચાલને, આપણે ચાલતાં થાયેં
        આઘાં આઘાં વનમાં જાયેં !
બીજું કહે : જેણે જાત ઘસીને આપણને જળ પાયાં,
એમને ક્યારે આપશું આપણાં ફળ ને આપણી છાયા?!
        હું તો કહું : અહીં રોકાઈ જાયેં,
        એના ચૂલામાં ઈંધણાં થાયેં !

**શબ્દાર્થ**

**ફળી** ફળિયું **ભાંડુ-વિજોગ** પરિવારનો વિયોગ **ખમાતો** સહન થતો **આઘાં** દૂર **કુઠાર** કુહાડો, ફરસી **શીદ** શા માટે, શું કામ **અકાળે** અયોગ્ય સમયે, (અહીં) કુદરતી મૃત્યુ પહેલાં **દન** દિવસ **ઈંધણાં** બળતણ

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) ફળીનાં ઝાડવાં ક્યાં જવાની વાતો કરે છે ?
(2) જંગલમાં ઝાડવાંને શા માટે જોખમ અનુભવાય છે?
(3) વૃક્ષોને પોતાનાં ફળ અને છાંયો કોને આપવાં છે ?
(4) કાવ્યને અંતે વૃક્ષો દ્વારા કઈ સુંદર ભાવના વ્યક્ત થઈ છે ?

**2. નીચેના પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો :**

(1) એક ઝાડવાને ફળિયું છોડીને શા માટે જંગલમાં જવું છે ?
(2) વૃક્ષોને ફળીમાં એકલું શા માટે લાગે છે?

**3. મુદ્દાસર નોંધ લખો :**

'મારા ફળીનાં ઝાડવાં બે....'કાવ્યનો મધ્યવર્તી વિચાર લખો.

## વિદ્યાર્થી પ્રવૃત્તિ

- તમારા ઘરે કે શાળામાં એક વૃક્ષ વાવીને ઉછેરો.
- ઉમાશંકરનું 'વડ' કાવ્ય મેળવીને વાંચો અને નોટિસબોર્ડ ઉપર મૂકો.
- વૃક્ષ વિશેનાં સૂત્રો-કંડિકાઓ મેળવીને નોંધો.

## ભાષા-અભિવ્યક્તિ

આ કાવ્યમાં કવિએ સંવાદની એક સરસ રીત અપનાવી છે. બે ઝાડના સંવાદમાં પોતે સંવાદક(સૂત્રધાર)ની ભૂમિકા ભજવી છે. પ્રથમ પંક્તિમાં '...કરતાં એક દિ' વાતો' દ્વારા ખ્યાલ આવે છે કે વાત ભૂતકાળની છે. 'વાતો' - 'ખમાતો'નો પ્રાસ કાવ્યને સરસ આરંભ કરી આપે છે.

ચાલને, આંહીંથી ચાલતાં થાયેં,
આઘાં આઘાં વનમાં જાયેં!

કડીની તળપદી ચાલ ભાવની અભિવ્યક્તિ માટે ચોંટડૂક બંધ બેસી જાય છે. આરંભે 'ચાલને'માં ચાલવાનો સંદર્ભ નથી પણ બોલીનો સહજ કાકુ છે. જે સંવાદમાં સામેની વ્યક્તિનું ધ્યાન દોરવા માટે છે તો 'થાય' અને 'જાયેં'નો બોલીસહજ લહેકો અસરકારક છે.

કાવ્યની ટૂંકી બેરની ચાર કડીઓમાંથી પ્રથમ, ત્રીજી અને ચોથી કડીના ભાવનું ધીરે ધીરે પરિવર્તન આસ્વાદ્ય છે તો બંને ઝાડની દલીલો જોરદાર છે. 'ભાંડુ-વિજોગ'-'આપણા પર કુઠારના મારા', 'પાછી ન ખૂટે રાત'- 'જાત ઘસીને આપણને જળ પાયાં'ને સામસામે મૂકીને સંવાદને રસપ્રદ બનાવવામાં કવિની શબ્દપસંદગી નોંધપાત્ર છે.

## શિક્ષક પ્રવૃત્તિ

- સમર્પણ-ભાવ અને કૃતજ્ઞતાનો અર્થ સમજાવો.
- શાળામાં વૃક્ષારોપણ કરાવો, એના વિશે અહેવાલ લેખન કરાવો.
- વૃક્ષનું મહત્ત્વ સમજાવો.
- આસપાસનાં પ્રાકૃતિક સ્થળોની મુલાકાત કરાવી, વનભોજનનું આયોજન કરાવો.

•